Letter No: SJED/0423/03/2023 Dt: 16-03-2023

વર્ષ ૨૦૨૨-૨૩માં ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમનેત્રીજા અને ચોથા હપ્તા પેટેકુલ રૂ.૧૦૦.૦૦ લાખની મેર્ચીંગ ફાળા પેટે ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ) ફાળવવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંકઃ સશપ-૧૦૨૦૦૨-૯૮૮-અ.૧(પા.ફા.)

**(e-sarkar : SJED/GBC/e-file/17/2022/2187/A-1 Section)**

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ

**વંચાણે લીધાઃ-**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૨નો ઠરાવ ક્રમાંકઃ SJED/CNI/e-file/17/2021/0001/B

(૨) આ વિભાગનો તા.૦૩/૧૦/૨૦૨૨નો સમાન ક્રમાંકનો ઠરાવ

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૪/૦૨/૨૦૨૩નો પત્ર ક્રમાંકઃવિજાક/બો.નિ./ સમાનફાળો/પ.વ./૨૦૨૨-૨૩/૧૩૨

**આમુખ:-**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના આ વિભાગના ઠરાવથી ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૨-૨૩ના અંદાજપત્રમાં મેર્ચીંગ ફાળા પેટે ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ) માટે રૂ.૨૦૦.૦૦ લાખની બજેટ જોગવાઈની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. ઉક્ત ગ્રાન્ટ પૈકી વંચાણે લીધા ક્રમાંક (૨) પરના આ વિભાગના ઠરાવથી પ્રથમ હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ અને બીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખની ગ્રાન્ટ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખની ગ્રાન્ટ નિગમના હવાલે મૂકવાની મંજૂરી આપેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૩) પરના નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણના પત્રથી ઉક્ત સમાન ફાળાની ગ્રાન્ટમાંથી ત્રીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ અને ચોથા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખનીમેર્ચીંગ ફાળા પેટે ગ્રાન્ટ ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવા દરખાસ્ત કરેલ હતી, જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમનેવર્ષ ૨૦૨૨-૨૩માં ફાળવવામાં આવેલ બજેટ જોગવાઈ મુજબની રૂ.૨૦૦.૦૦ લાખની મેર્ચીંગ ફાળા (સમાન ફાળાની ગ્રાન્ટ) ગ્રાન્ટમાંથી ત્રીજા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ અને ચોથા હપ્તા પેટે રૂ.૫૦.૦૦ લાખ એમ કુલ રૂ.૧૦૦.૦૦ લાખની (અંકે રૂપિયા એકસો લાખ પુરા) મેર્ચીંગ ફાળા પેટે ગ્રાન્ટ (સમાન ફાળાની ગ્રાન્ટ)ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન આથી મંજૂરી આપવામાં આવે છે.

**શરતો:-**

(૧) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવાની રહેશે.

(૨) જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩) સને ૨૦૨૨-૨૩ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ અંગેનો ખર્ચ ચાલુ વર્ષે મંજૂર થયેલ જોગવાઇમાંથી કરવાનો રહેશે.

(૫) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુપડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૬) ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ દ્વારા મંજૂર કરવામાં આવેલ લોનની રીકવરી નિયમિત રીતે થાય તેની પર્યાપ્ત કાળજી અચુક લેવાની રહેશે અને રીકવરીની વિગતો પ્રસંગોપાત સરકારને રજુ કરવાની રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૮૦૦ અન્ય લોન, પેટા સદર-૦૮ ઓબીસી-૨૪ રાષ્ટ્રીય પછાત વર્ગ નાણા અને વિકાસ નિગમમાં સામા સમાન ફાળો માટે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને લોન હેઠળ ઉધારવો અને તે હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે અને વર્ષ આખરે રહેતી બચત સુપરત કરવાની રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૧૪/૦૩/૨૦૨૩ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કલ્પના રાણા)

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2023.03.16
11:41:07 +05:30

File No: SJED/GBC/e-file/17/2022/2187/A-1 Section
Approved By: R. J. Kharadi(DS,A Section,SJED)

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ઉપ સચિવ

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

(૧) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

**<u>નકલ રવાના:-</u>**

(૧) મેનેર્જીંગ ડીરેક્ટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

(૨) પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૩) એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

(૪) નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

(૫) જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

(૬) સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સામાજિક ન્યાય અને અધિકારીતાવિભાગ, સચિવાલય, ગાંધીનગર.

(૭) સિલેકટ ફાઇલ

Signature Not Verified
Signed by:Kalpna V Rana
Under Secretary
Date: 2023.03.16
11:41:07 +05:30



Open the document in Adobe Acrobat DC to verify the E-sign